દિલ્હી વિસ્તારમાં ભૂકંપના ૪ હળવા આંચકા

નવી દિલ્હી,તા. ૧૨

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને નેશનલ કેપીટલ રિઝિયન (એનસીઆર)માં આજે વહેલી સવારે માત્ર ત્રણ કલાકના ગાળામાં જ ઓછી તીવ્રતાના ચાર હળવા આંચકાના પરિણામ સ્વરૂપે વ્યાપક ખળભળાટ મચી ગયો હતો. લોકો ઊંઘમાંથી ઊઠી ગયા હતા અને ભૂકંપનો અનુભવ કર્યો હતો. મળેલી માહિતી મુજબ પ્રથમ આંચકો રિકટર સ્કેલ ઉપર ૧૨.૪૧ વાગે અનુભવાયો હતો. ત્યારબાદ બીજો આંચકો ૧.૪૧ વાગે અનુભવાયો હતો. આની તીવ્રતા રિકટલ સ્કેવ ઉપર ૩.૩ જેટલી આંકવામાં આવી હતી. ત્યારબાદ વધુ બે આંચકા ક્રમશ ૧.૫૫ અને ૩.૪૦ વાગે અનુભવાયા હતા. આ આંચકાની અસર ત્રણથી ચાર સેકન્ડ સુધી રહી હતી. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો તેમના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. દિલ્હી અને આસપાસના જે વિસ્તારોમાં લોકોને આંચકાની જે અસર થઈ હતી જેમાં ગુડગાંવ, નોયડા અને ગાઝિયાબાદનો સમાવેશ થાય છે. પ્રથમ આંચકો આવ્યા બાદ જ લોકો ઘરની બહાર દોડી ગયા હતા અને ખુલ્લા મેદાનમાં એકબીજા સાથે વાતચીત કરતા નજરે પડ્યા હતા. જાણકાર લોકોએ કહ્યું છે કે આંચકો અનુભવાયા બાદ તમામ લોકોમાં દહેશત પણ દેખાઈ હતી. જો કે કેટલાક લોકોને મોડી રાત્રે આંચકા આવ્યા હોવાના કારણે જાણ થઈ ન હતી.

ભૂગર્ભની અંદર આંચકાનું કેન્દ્ર હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજા આંચકાનું કેન્દ્ર હરિયાણામાં ગુડગાંવ નજીક માનેસરથી દક્ષિણ પૂર્વે હોવાનું જાણવા મળી રહ્યું છે. દેશના જુદા જુદા ભાગોમાં તાજેતરના સમયમાં અનેક વખત આંચકા આવી ચૂક્યા છે. દિલ્હીમાં પણ અનેક વખત આંચકાનો અનુભવ લોકો કરી ચૂક્યા છે. દિલ્હી ભૂકંપના મામલામાં ઝોન-૪માં આવે છે. ટ્વીટર ઉપર પણ દિલ્હી ભૂકંપને લઈને આજે સવારે સંદેશાઓની આપલે જોવા મળી હતી.

ચાર આંચકા ક્યારે.....

દિલ્હીમાં આજે વહેલી પરોઢે ત્રણ કલાકના ગાળામાં ચાર આંચકા આવ્યા હતા. આ આંચકા કેટલા વાગે આવ્યા તે નીચે મુજબ છે.

- પ્રથમ આંચકો ૧૨.૪૧ વાગે આવ્યો અને તેની તીવ્રતા ૩.૧ હતી
- બીજો આંચકો ૧.૪૧ વાગે આવ્યો અને તેની તીવ્રતા ૩.૩ હતી
- ત્રીજો આંચકો ૧.૫૫ વાગે આવ્યો અને તેની તીવ્રતા ૨.૫ હતી
- ચોથો આંચકો ૩.૪૦ વાગે આવ્યો અને તેની તીવ્રતા ૨.૮ હતી

ભારતના જમ્મુ કાશ્મીર, આસામ અને સિક્કીમમાં હાલના વર્ષોમાં અનેક વખત આંચકાનો અનુભવ લોકો કરી ચૂક્યા છે. ત્રણ કલાકના ગાળામાં જ ચાર આંચકા અનુભવ કરાયા બાદ વિજ્ઞાન સમુદાય અને ભૂકંપ સાથે સંબંધિત વિભાગમાં પણ આને લઈને અભ્યાસની પ્રક્રિયા વધુ તીવ્ર કરવામાં આવી છે. દિલ્હી અને એનસીઆરમાં આજે સવારે આવેલા આંચકાના કારણે જાનમાલને કોઈ પણ પ્રકારનું નુકસાન થયું નથી.

સચિનની ૨૦૦મી ટેસ્ટની તમામ ટિકિટો વેચાઈ ગઈ

મુંબઈ, તા.૧૨

જોરદાર ટ્રાફિકના કારણે કેશની સ્થિતિ સર્જાયાના એક દિવસ બાદ સચિન તેન્ડુલકરની ૨૦૦મી ટેસ્ટ મેચની ૧૫ કલાકના ગાળામાં જ ટિકિટો વેચાઈ ગઈ હતી. તમામ ટિકિટોનું વેચાણ હવે કરી દેવામાં આવ્યુ છે. સચિન તેન્ડુલકર મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર ૨૦૦મી ટેસ્ટ મેચ પોતાની કેરિયરની રમનાર છે. આ ટેસ્ટ મેચ રમ્યા બાદ તે નિવૃત્તિ લઈ લેશે. આ ટેસ્ટ મેચ માટે ટિકિટ વેચનાર સાઈટે આજે જાહેરાત કરી હતી કે સ્ટેટ ક્રિકેટ એશોશિએશન દ્વારા તેમને ઉપલબ્ધ કરાવવામાં આવેલી તમામ ટિકિટો વેચાણ શરૂ થયાના ૧૫ કલાકના ગાળામાં જ વેચાઈ ચુકી છે. કેઝુંગા ડોટકોમને સચિન તેન્ડુલકરની ૨૦૦મી ટેસ્ટ મેચ માટે ટિકિટો વેચવાની જવાબદારી સોંપવામાં આવી હતી. કેઝુંગા ડોટકોમના અધિકારીએ આજે વિગત આપતા કહ્યુ હતુ કે સચિન તેન્ડુલકરને અંતિમ વખત રમતા જોવા માટે ચાહકોમાં ખુબજ ઉત્સુકતા છે. તેમણે એમ પણ કહ્યુ હતુકે આ ટેસ્ટ મેચ મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર ૧૪મીથી ૧૮મી નવેમ્બર દરમિયાન રમાનાર છે. જાણકાર લોકોનું કહેવું છે કે આ મેચને લઈને ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સુકતા પ્રવર્તી રહી છે. મુંબઈ ક્રિકેટ એસોશિએશને સામાન્ય લોકોને પાંચ હજાર ઓનલાઈન ટિકિટો વેચવાનો નિર્ણય કર્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે લોકોમાં આ ટેસ્ટ મેચને લઈને જોરદાર ઉત્સુકતા છે. કેટલાક ખરીદારોને નિરાશાનો સામનો કરવો પડી રહ્યો છે. ઓનલાઈન ટિકિટોમાં પણ પડાપડી થઈ રહી હતી. આશરે ૩૦૦૦ ટિકિટો વેચાણ માટે ઉપલબ્ધ કરાઈ હતી. સોમવારના દિવસે ભારે અફડાતફડી રહી હતી. માસ્ટર બ્લાસ્ટરે થોડાક સમય પહેલા જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી.

ગંભીર ગુનામાં એફઆઈઆરની નોંધણી હવે ફરજિયાત : સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી,તા. ૧૨

સુપ્રીમ કોર્ટે એક પછી એક એતિહાસિક અને દૂરદર્શી ચૂકાદા આપવાનો સીલસીલો જારી રાખ્યો છે. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે આ કાર્યવાહી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ સંબંધમાં એક માર્ગદર્શિકા પણ જારી કરી છે. સુપ્રીમ કોર્ટના પાંચ જજની બંધારણીય બેંચે આ ચુકાદો આપતા કહ્યુ હતુ કે કેટલાક એવા મામલા હોઈ શકે છે જેમાં પહેલા શરૂઆતી તપાસની જરૂર પડે છે. જેમાં પારિવારિક વિવાદમાં શરૂઆતી તપાસ જરૂરી હોઈ શકે છે. આ ઉપરાંત કંપનીઓ વચ્ચે વેપારી મામલાઓને લઈને વિવાદ થવાની સ્થિતિમાં પણ શરૂઆતી તપાસ થઈ શકે છે. ભ્રષ્ટાચારના મામલામાં પોલીસ શરૂઆતમાં તપાસ કરી શકે છે. ચીફ જસ્ટીસ પી. શથાશિવમના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચમાં કહ્યુ હતુ કે ગંભીર ગુનાઓની ફરિયાદના આધાર પર પોલીસને ક્લોઝીંગ રિપોર્ટની સાથે સાથે ફરિયાદની મૂળ નકલને જોડવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશ પોલીસે ૨૦૦૮માં એક બાળકી લાપતા થયાના મામલામાં એફઆઈઆર એક મહિના બાદ દાખલ કરી હતી. આ સંબંધમાં અરજી સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. પહેલા જસ્ટીસ બીએન અગ્રવાલ અને જસ્ટીસ એસબીકે સિંહા દ્વારા સુનાવણી કરવામાં આવી હતી પરંતુ એવું લાગ્યુ હતુ કે આ બંધારણીય મામલો છે. જેથી પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આમાં સુનાવણી કરવામાં આવી હતી. આ મામલા સાથે સંકળાયેલા તમામ પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટે માર્ગદર્શિકા જારી કર્યા બાદ પોલીસ સુધારાને પણ નવી દિશા મળશે.

રેલ્વે યાત્રી કમાણીમાં ૧૭.૯૩ ટકા વધારો

મુંબઈ, તા.૧૨

એપ્રિલ-ઓક્ટોબર ૨૦૧૩ના ગાળા દરમિયાન ભારતીય રેલવેની કમાણીમાં ૧૨.૫૩ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. રેલવેની કમાણીમાં વધારો થતા અટવાઈ પડેલા પ્રોજેક્ટોને આગળ વધારવામાં મદદ મળશે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ માહીતી આપતા કહ્યુ છે કે ભારતીય રેલવેની કુલ અંદાજિત કમાણી ગયા વર્ષે આજ ગાળા દરમિયાન ૬૮૬૩૪ કરોડની સામે ૭૭૨૩૫ કરોડ નોંધાઈ છે. આનો મતલબ એ થયો કે તેમાં ૧૨.૫૩ ટકાનો વધારો થયો છે. કુલ ચીજવસ્તુની કમાણી પહેલી એપ્રિલથી ૩૧મી ઓક્ટોબર ૨૦૧૨ દરમિયાન ૪૭૩૫૦ કરોડથી વધીને પહેલી એપ્રિલથી ૩૧મી ઓક્ટોબર ૨૦૧૩ના ગાળા દરમિયાન ૫૧૮૭૬ કરોડ થઈ ગઈ છે. તેમાં ૯.૫૬ ટકાનો વધારો થયો છે. આવી જ રીતે આ ગાળા દરમિયાન કુલ યાત્રી કમાણી ગયા વર્ષે આ જ ગાળામાં ૧૮૦૧૭ કરોડથી વધીને ૨૧૨૪૭ કરોડ થઈ ગઈ છે. આમાં ૧૭.૯૩ ટકાનો વધારો થયો છે. એપ્રિલથી ૩૧મી ઓગસ્ટ ૨૦૧૩ના ગાળા દરમિયાન બુકીંગ કરાવનાર યાત્રીઓની સંખ્યા ૪૯૬૭.૨૬ મિલિયન રહી છે.

સમાચાર ઝલક

- ♥ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીમાં આંતરિક મતભેદ બહાર આવ્યા.
- ♥ આયકર ખાતામાં સસ્પેન્સ એકાઉન્ટમાં જમા છે રૂા. ૭૧૦૦૦ કરોડ.
- ♥ ટેલિકોમ ક્ષેત્રે એફડીઆઇ વધારવા પેકેજ લવાશે.
- ♥ સાઉદિ અરબના રિયાધ શહેરમાં હિજરતીઓ વિરૂદ્ધ હડતાળ.
- ♥ આ વર્ષે ૧૧-૧૨-૧૩ તારીખનો ખાસ સંયોગ, હજારો યુગલો આ દિવસે લગ્ન કરવા આતુર.
- ♥ ફિલિપાઇન્સમાં હૈયાન વાવાઝોડાથી ઠેરઠેર લાશોનાં ઢગલાં ખડકાયા, અનેક વિસ્તારોમાં ભૂખમરો અને લૂંટફાટના બનાવો.
- ♥ મોબાઇલ ફોન પર તીનપત્તીમાં કરોડોની હારજીત, પોલીસતંત્ર લાચાર, તરૂણો, વિદ્યાર્થીઓ, વેપારી,નોકરિયાતો ગેમ્બલીંગના રવાડે.
- ♥ વલ્લભભાઇ પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટીને ગ્રહણ, પર્યાવરણ નિષ્ણાતોએ બાંયો ચઢાવી.
- ♥ ઉત્તરપ્રદેશમાં મહિલા ધારાસભ્યે પતિને ચપ્પલથી ફટકાર્યો.
- ♥ જાપાનમાં હાર્ટ એટેકની ચેતવણી આપે તેવી કાર ટૂંક સમયમાં માર્કેટમાં આવશે.
- ♥ અમદાવાદમાં ૮૦ કરોડની ઉઠી ગયેલી પાર્ટીએ કોર્ટમાં નાદારી નોંધાવી, મારવાડી સમાજમાં હાહાકાર.
- ♥ ગુજરાતની મોટામાં મોટી કેન્સર હોસ્પિટલ રાજકોટમાં નિર્માણાધીન.
- ♥ સિરિયાની યુદ્ધભૂમિ પત્રકારો માટે કબર સમાન ! છેલ્લા એક વર્ષમાં ૬૦ થી વધુ પત્રકારોનાં અપહરણ.
- ♥ 'રામલીલા' ફિલ્મના વિવાદનો અંત, વાંધાજનક ડાયલોગ્સ દૂર કરાયા.
- ♥ સિંગાપુરમાં સાડા ત્રણ અબજ રૂપિયાનો નેકલેશ વેચવા મુકાયો.
- ♥ ઇશરત જહા એન્કાઉન્ટર કેસનાં આરોપી પી.પી.પાંડે ગળાના દુઃખાવા થતા સિવિલમાં સારવાર હેઠળ.
- ♥ આજથી ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ, ૧૦૦ થી વધુ અન્નક્ષેત્રો ધમધમશે.
- ♥ બેંગકોકમાં ૪૨ વર્ષીય મહિલા ૫૩૨૦ ઝેરી વીંછીઓ સાથે કાચના રૂમમાં ૩૩ દિવસથી વધુ રહી.
- ♥ ધનબાદમાં કોલસાની ખાણમાં ભયાનક દુર્ઘટના.
- ♥ મધ્યપ્રદેશમાં ચૂંટણી હોવાથી મહાકાલેશ્વરના શરણે રાજકીય મહારથીઓ ઉમટ્યા.
- ♥ પાક વીમાની રકમો મળતાં માર્કેટ યાર્ડમાં અસર પડી, વેચાણ અટક્યું.
- ♥ ઓબામાની જાસૂસી રોકવા ખાસ પ્રકારની તંબુઓ બનાવાયા.
- ♥ ઠંડીના ધીમા આગમનથી ગરમ વસ્ત્ર બજારમાં તેજી.
- ♥ પેટના કેન્સરમાં ગાયના દૂધનો ઉપયોગ અકસીર.

અર્થતંત્ર બે વર્ષમાં ટાર્ગેટ પર આવશે : મોન્ટેકસિંહનો દાવો

નવી દિલ્હી,તા. ૧૨

આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ આજે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યુ હતુ કે બે વર્ષના ગાળા બાદ ભારત નક્કી કરવામાં આવેલા વિકાસના ટાર્ગેટ એટલે કે આઠ ટકાના વિકાસદરને હાંસલ કરી લેશે. તેમણે કહ્યુ હતુ કે ૧૨મી પંચવર્ષીય યોજનાના પ્રથમ વર્ષમાં અર્થતંત્રમાં વિકાસદર પાંચ ટકાનો રહ્યો છે જે એક દશકની સૌથી નીચી સપાટી છે. નવી દિલ્હીમાં એક બેઠકમાં પત્રકારો સાથે વાતચીત કરતા આહલુવાલિયાએ કહ્યુ હતુકે બે વર્ષના ગાળામાં જ અર્થતંત્ર ફરી પાટા પર આવી જશે અને વિકાસદર આઠ ટકા સુધી પહોંચી જશે. સરકાર આઠ ટકાનો વાર્ષિક સરેરાશ દર હાંસલ કરવાનો હેતુ ધરાવે છે. વર્તમાન નાણાંકીય વર્ષના એપ્રિલ-જૂન ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસદર જાન્યુઆરી-માર્ચ દરમિયાન ૪.૮ ટકાની સરખામણીમાં ૪.૪ ટકા રહ્યો હતો. આ ગ્રોથ અગાઉના નાણાંકીય વર્ષના એપ્રિલ-જૂનના ગાળામાં ૫.૪ ટકા રહ્યો હતો. આહલુવાલિયાએ એમ પણ કહ્યુ હતુ કે લાંબા ગાળે અર્થતંત્રની સ્થિતિ મજબુતરીતે સુધરશે. આહલુવાલિયાના જણાવ્યા મુજબ ૧૨મી પંચવર્ષીય યોજનામાં સરેરાશ આર્થિક વિકાસદર આઠ ટકાથી ઓછો રહેશે. પંચ પંચ વર્ષની પોલીસીની મધ્યગાળાની સમીક્ષા દરમિયાન તેના આગામી વર્ષના અંદાજનું ચિત્ર રજુ કરશે. તેમના કહેવા મુજબ વર્તમાન નાણાંકીય વર્ષના બીજા તબક્કામાં અર્થતંત્રનું ચિત્ર વધુ ગુલાબી રહેશે. પ્રથમ છ મહિનાના ગાળામાં સ્થિતિ નબળી રહી હતી પરંતુ હવે સ્થિતિમાં સુધારો થશે. મંદી ક્યારે પૂરી થશે તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યુ હતુકે અર્થતંત્ર મંદીમાંથી બહાર નીકળી ચુક્યુ છે. નાણાંકીય નિષ્ણાંતો પણ કહે છે કે ચિત્ર બદલાશે. ઓક્ટોબર મહિનામાં ભારતની નિકાસ ૧૩.૪૭ ટકા વધીને ૨૭.૨ અબજ ડોલર સુધી પહોંચી હતી જે બે વર્ષમાં સૌથી ઝડપી ગતિ હતી. સરકારી ટેડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. નિકાસના મોરચે ચિત્ર ખૂબજ શાનદાર રહ્યુ છે. તેમણે કહ્યુ હતુકે વર્તમાન ખાતાકિય ખાદ્ય નાણાં મંત્રી દ્વારા નક્કી કરવામાં આવેલા ટાર્ગેટ કરતા ઓછી રહેશે. નાણાં મંત્રી પોતે કહી ચુક્યા છે કે ખાદ્યનો આંકડો ૭૦ અબજ ડોલરના બદલે ૬૦ અબજ ડોલર રહેશે.

તેલંગાણા પ્રશ્ને રાજકીય પ્રતિનિધિઓ સાથે બેઠક

નવી દિલ્હી,તા. ૧૨

આંધ્રપ્રદેશના વિભાજનના મુદ્દે ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની બેઠક આજે યોજાઈ હતી જેમાં આંધ્રપ્રદેશના જુદા જદા રાજકીય પક્ષોનાનેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આંધ્રપ્રદેશના વિભાજન મારફતે તેલંગાણાની રચના કરવાના નિર્ણય બાદ ઉભા થયેલા વિવાદોના પાસા પર પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જીઓએમને મળવા માટે સૌથી પહેલા એમઆઈએમના વડા અસાસુદિન ઓવાસી પહોંચ્યા હતા. તેઓએ અલગ તેલંગાણા રાજ્યની રચના અને આંધ્રના વિભાજન સાથે સંબંધિત તમામ મુદ્દાઓ રજુ કર્યા હતા. ત્યારબાદ ભાજપના રાજ્યપ્રમુખ જી કિશન રેડ્ડી પહોંચ્યા હતા. તેમની સાથે પક્ષના નેતા કે હરિબાબુ પણ હતા. આ બંનેએ પોતપોતાની રજુઆત પણ કરી હતી.

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીનો આક્ષેપ

ભાજપના શાસનમાં લોકો સાથે વિશ્વાસઘાત થયો છે

અંબિકાપુર,તા. ૧૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ છત્તીસગઢમાં વિશાળ રેલીને સંબોધતા ભાજપ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીએ ભાજપની ટિકા ટિપ્પણી કરતા કહ્યુ હતુ કે ભાજપના શાસનમાં જનતાની સાથે વિશ્વાસઘાત થયો છે. સોનિયા ગાંધીએ કહ્યુ હતુ કે રાજ્યમાં નક્સલવાદી હુમલાઓ ભાજપની સરકાર પર એક કલંક સમાન છે. ગાંધીએ એમ પણ કહ્યુ હતુકે કોંગ્રેસ સરકાર આવ્યા બાદ લોકોને તેમના વધુ અધિકારો આપવામાં આવશે. સોનિયાએ કહ્યુ હતુ કે ત્યાગ અને સેવા કોંગ્રેસની પરંપરા રહી છે. મુખ્યવિરોધ પક્ષ કોંગ્રેસની છત્તીસગઢમાં આશરે ૧૫૦ સભાઓ કરવાની યોજના છે. આ સભાઓના ભાગરૂપે જ પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે અંબિકાપુરમાં રેલીને સંબોધી હતી. પાર્ટીના મહાસચિવ અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજયસિંહ બે દિવસના પ્રવાસ પર આજે પહોંચી ગયા હતા. દિગ્વિજયસિંહ બે દિવસના ગાળા દરમિયાન ૧૦ સભાઓ સંબોધે તેવી શક્યતા છે. કેન્દ્રિય કોલસા પ્રધાન પ્રકાશ જયસ્વાલ ૧૪મી નવેમ્બરના દિવસે બે દિવસિય પ્રવાસે છત્તીસગઢ પહોંચશે. તેઓ રાજ્યમાં આઠ સભાઓને સંબોધનાર છે. હરિયાણાના મુખ્યમંત્રી ભુપેન્દ્ર સિંહ હુડા પણ છત્તીસગઢમાં અનેક સભાઓને સંબોધન કરનાર છે. આ ઉપરાંત પક્ષના પ્રદેશ અધ્યક્ષ ચરણદાસ મહંત અને રાજ્યના પ્રભારી મહાસચિવ બીકે હરિપ્રસાદ પણ એક સાથે અનેક ચૂંટણી સભાઓ સંબોધનાર છે. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગી સ્ટાર પ્રચારક તરીકે રહ્યા છે. તેમના માટે પાર્ટીએ અલગથી હેલિકોપ્ટરની વ્યવસ્થા કરેલી છે. અજિત જોગીએ રાજ્યમાં સતત ચૂંટણી સભાઓ સંબોધી રહ્યા છે. કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધી અને નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી બાદ સૌથી વધારે સ્પર્ધા જોગીની સભા પોતાના વિસ્તારમાં કરાવવા માટે ચાલી રહી છે. આ સ્પર્ધા હવે વધુ તીવ્ર બનશે.

પક્ષના ટોચના નેતાઓનો પણ અભિપ્રાય

મોદી હવે ઘણી બાબતોનું ધ્યાન રાખે તે અતિ જરૂરી

નવી દિલ્હી,તા. ૧૨

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પણ ચૂંટણી પ્રચાર દરમિયાન કેટલીક બાબતો અંગે વાત કરતી વેળા સાવધાન રહે તેવો અભિપ્રાય અંદરખાને પક્ષના લોકો કરી રહ્યા છે. ભાજપ પણ માને છે કે નરેન્દ્ર મોદીને ઉતાવળમાં કોઈપણ નિવેદન કરવું જોઈએ નહીં. પક્ષ માને છે કે આનાથી વિરોધી લોકોને લોકોની વચ્ચે તેમની વચ્ચે ખોટી છાપ ઊભી કરવાની તક મળી જશે. મોદીએ તાજેતરમાં જ કેટલાક એવા નિવેદન કર્યા છે જેના કારણે ભારે હોબાળો થઈ ચૂક્યો છે. ગુજરાતના ખેડામાં પણ તેઓએ એક ઉતાવળીયું નિવેદન કર્યું હતું.

જ્યાં એક કાર્યક્રમમાં મોદીએ જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજી અને ગુજરાતી સ્વતંત્રતા સૈનાની શ્યામજી કૃષ્ણ વર્માની વચ્ચે ગૂંચવણભરી સ્થિતિમાં આવી ગયા હતા. ભાજપના સૂત્રોએ કહ્યું છે કે મોદીને એવા પ્રસંગે સાવધાન રહેવું જોઈએ. મોડેથી ભૂલ સુધારવાથી લાભ થશે નહીં. મોદીએ આ સંદર્ભમાં પોતાની ભૂલ સુધારીને કહ્યું હતું કે તેમનો મતલબ શ્યામજી કૃષ્ણ વર્મા સાથે હતો. ભાજપના પ્રવક્તા કોંગ્રેસ ઉપર ગોબેલ્સ ફોર્મ્યુલા હેઠળ મોદીના મામલામાં અયોગ્ય પ્રચાર કરવાનો આક્ષેપ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે ખેડામાં મોદીની જુબાન લપસી ગઈ હતી પરંતુ તેઓએ તરત જ ભૂલ સુધારી દીધી હતી.

મોદીએ અગાઉ પણ ચૂંટણી પ્રચાર દરમિયાન કેટલાક એવા મુદ્દા ઉપર વાત કરી છે જેના કારણે તેમની સામે વિરોધીઓએ પ્રશ્નો ઉઠાવ્યા છે. પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપ પ્રતિ આક્ષેપનો મારો ચાલી રહ્યો છે. આવા સમયમાં ભાજપના નેતાઓ ઇચ્છે છે કે મોદી કેટલીક બાબતોનું ધ્યાન રાખે તે જરૂરી છે.

Hello ફ્રેન્ડ્સ! (પાના નં. ૪ નું ચાલુ)

શિસ્ત અને નિયમમાં માનનારા સચીને કાંબલીને ટીમમાં સમાવવાં દોસ્તીના નાતે પ્રયત્ન કર્યો હતો, આવી વાતો ક્રિકેટનાં મહાગુરૂ કોચ આચરેકરે કરેલી.,..

ચોવીસ વર્ષની કારકિર્દીની અગણિત મેચોની સંભારણાની સ્ટ્રેટ ડ્રાઈવ સૌના મનમાં વાગતી જ હશે. ૧૯૯૩માં ઓસ્ટ્રેલિયા સામેની રસાકસી ભરેલી મેચમાં ઓસ્ટ્રેલિયાને છેલ્લી ઓવરમાં ૬ રન જીતવા કરવાન હતા અને એ વખતનાં પાંચેય મુખ્ય ભારતનાં બોલરોએ બોલીંગ કરવાની અસમર્થતા બતાવી જેમાં કપિલદેવ પણ સામેલ હતો... અને સચીને બોલ હાથમાં લીધો અને સ્ટીવ વૉ સચીનની ઓવરમાં ૬ રન ના બનાવી શકતાં મેચ જીતી ગયું અને સચીનની એ મેઝીક ઓવર યાદગાર બની ગઈ... સચીનની મેચો, બોલીંગ, ફિલ્ડીંગ, રેકોર્ડસ હવે તો સૌએ એક સંભારણા તરીતે જ વાગોળવાં રહ્યાં, આવતીકાલે માસ્ટર બ્લાસ્ટર સચીન છેલ્લી મેચ રમવા જઈ રહ્યો છે ત્યારે એને સલામી...

ચૂંટલો :

ક્રિકેટ વિશ્વમાં સચીન તેંડુલકર આયકોન બની ચૂક્યો છે, જયારે જયારે ક્રિકેટનો વિષય નીકળશે ત્યારે નિર્વિવાદ સચીન સૌની યાદોમાં - સંસ્મરણોમાં ક્રિકેટના ગોડ ફાધર તરીકે યાદ કરાશે. સિદ્ધિ - પ્રસિદ્ધિ - સંપત્તિના શિખરે પહોંચીને જે જમીન પર પગ ટેકવી જાણે છે, એ જ લોકોનાં હૈયે વગર પ્રચારે વસી જાય છે.

ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું જીવન પણ ટ્રેજેડીથી સભર રહ્યું. જીવનનાં શે"ા વ"ોં અમેરિકામાં ગાળ્યાં છતા તેઓ પોતાનું નબળું અંગ્રેજી પાકું કરી શક્યા નહોતા. તેમના મોટા ભાગનાં સંશોધનને લગતાં લખાણો જર્મન ભાષામાં જ છે. તેમની યાદશક્તિ પણ નબળી હતી. મહાન શાસક વિન્સ્ટન ચર્ચિલ વિદ્યાર્થી તરીકે અત્યંત નબળા હતા. ભણવામાં ઠોઠ નિશાળિયા જેવા પુત્ર અંગે પિતા ચિંતિત રહેતા અને આખરે લશ્કરમાં ભરતી કરાવવા પ્રયાસ કર્યા. એમાં પણ પ્રવેશ પરીક્ષામાં ચર્ચિલ બે-બે વખત નિ"ફળ રહ્યા હતા. એ જ ચર્ચિલ દેશના વડા બન્યા, એ પણ ટ્રેજેડી જ કહેવાય ને! દુનિયા આખી ટ્રેજેડીથી ભરપુર છે. દરેકની જિંદગી થોડા કે ઘણા અંશે ટ્રેજેડી હોય છે. જેને વિધિની વક્રતા યા વિડંબના કહી શકાય. વાત નસીબની પણ છે. નસીબ ક્યારે પલટાય - ફેરવાય એ કોઈ જાણતું નથી.

સ્ટોપર :

"આપણે સંજોગો પ્રમાણે ગોઠવાઈ શકતા નથી, એ જીવનની સૌથી મોટી ટ્રેજેડી છે."

- હેનરી મિલર